### સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ રાજ્ય સરકારે નવી યોજના જાહેર કરી

# વેટમાં નવા નિયમ ઉમેરાતાં હજારો વેપારીને ઉચ્ચક વેરો ભરવા મંજૂરી

અમદાવાદ,તા.૧૯

સુપ્રીમ કોર્ટ દ્વારા લાર્સન એન્ડ ટુબ્રો લિમિટેડના કેસમા ચુકાદાથી સ્પષ્ટ થયુ છે કે, બાંધકામની સ્કીમમા થતાં સ્થાવર મિલકતોના વેચાણો ડીમ્ડ સેલ તરીકે વેરાપાત્ર થાય છે. આથી ગુજરાતના સીવીલ વર્કસ કોન્ટ્રાક્ટ અને ડેવલપર્સ પાછલા સમયગાળા માટે ૦.૯ ટકાના દરે વેરો ભરી શકે છે. વેરા ભરી શકાય તે હેતુથી રાજયના નાણા વિભાગે વેટના નિયમ-૨૮મા પેટા નિયમ (૯) દાખલ કરીને ૧૪.૧૦.૨૦૧૪ના રોજ સુધારો કર્યો છે.પેટા નિયમ-૯મા સુધારો કરવામા આવતા વેપારીઓને ઉચ્ચક વેરાની પરવાનગી આપમેળે મળે છે અને નાણા વિભાગના ઠરાવના અન્વયે વેરા પરના વ્યાજ અને દંડનો લાભ કલમ-૪૧ હેઠળ આપવાનો થાય છે.આ સુધારાના ૧૮૦ દિવસમા વેટની વેબસાઈટ પરથી વેરો ભરવાની યોજના અંગેની ફોર્મ મેળવીને સંબંધિત વેટ કચેરીમા ફાઈલ કરવાના રહેશે.

વેટ કચેરીના પરિપત્ર મુજબ ફક્ત સિવીલ વર્કસ કોન્ટ્રાકટરમા નોંધાયેલા અને બીન નોંધાયેલા વેપારીઓને જ યોજનાનો લાભ થશે. આ માટે વેપારીની આકારણી કલમ-૩૪ હેઠળ કરવામા આવશે.યોજનાનો લાભ લેવા ઈચ્છતા વેપારીઓના કિસ્સામા એસેસમેન્ટ, રિએસેસમેન્ટ કે રીવીઝનની કાર્યવાહી ચાલુ હોય અને તેમા વેરા.વ્યાજ અને દંડની જવાબદારી ઉપસ્થિત થતી હોય તે કિસ્સામા લાભ મળવાપાત્ર થશે.આવા વેપારીઓએ તેમના વર્કસ કોન્ટ્રાકટના વ્યવહારોના કુલ ટર્નઓવર પર કલમ-૧૪એ હેઠળ ૦.૯ ટકાના દરે વેરો ભરવાનો રહેશે.ટુકમા વેરો ભરીને કરેલી ખરીદીઓના કિસ્સામા રાજયને વેરો મળી ગયો છે અને બીન નોધાયેલા વેપારીઓ પાસેની ખરીદીઓ પર કલમ-૯ હેઠળ વેરો મળશે.

**રાજ્યના હજારો વેપારીઓને ફાયદો થશે**

સપ્રીમ કોર્ટના ચુકાદા બાદ રાજ્ય સરકારના નાણા વિભાગે સુધારો કરીને નવી યોજનાનો પરિપત્ર બહાર પાડ્યો છે તેના રાજયના હજારો વર્કસ કોન્ટ્રાકટર અને ડેવલપર્સને ફાયદો થશે. વેપારીઓને યોજનાનો ફાયદો ઉઠાવી લેવો જોઇએ એવુ વેટના નિષ્ણાંત મેહુલ ગાંધીએ જણાવ્યુ છે.